# જોડણીના નિયમો

## ૧) એકાક્ષરી શબ્દો

ઈ દીર્ઘ લખવો (ઘી,જી, બી, શી) ; અનુસ્વાર વિનાના ઊ દીર્ઘ લખવા (છૂ, જૂ, પૂ, ભૂ, રૂ); અનુસ્વાર સહિત ઉ હ્રસ્વ લખવો (છું, તું, શું, હું)

## બાકીના શબ્દો માટે

શબ્દને અંતે આવતો ઈ દીર્ઘ લખવો; શબ્દને અંતે આવતો ઉ હ્સ્વ લખવો

## ૨) બે અક્ષરની જોડણી

પહેલો  અક્ષર દીર્ઘ ઈ કે દીર્ઘ ઊ લખાય

## ૩) ત્રણ અક્ષરની જોડણી

ટૂંકા સ્વર વાળા લઘુ અક્ષરો દા.ત. અ, હ્સ્વ ઇ અને હ્સ્વ ઉ

લાંબા સ્વર વાળા ગુરુ અક્ષરો દા.ત. આ, દીર્ઘ ઈ, દીર્ઘ ઊ, એ,ઐ, ઓ, ઔ.

બીજો અક્ષર તપાસવો – જો લઘુ હોય તો પહેલો અક્ષર દીર્ઘ ઈ કે દીર્ઘ ઊ લખવો (ઈડલી, કીમિયો, ગીરવી, ઘૂમટો, ફૂમરી except  ઉપર, કુમળું, ટુકડો, મુગટ,મુજબ, મુદત) અને ગુરૂ હોય તો પહેલો અક્ષર હ્સ્વ ઇ કે ઉ લખવો (ઉછીનુ, કિસાન, નિખાર, બિછાનુ, બિલાડી, બિહાર, લિસોટો except દીવાન, દીવાલ, બીમાર) Also મૂકવું, મુકાવું     શીખવું, શિખાવું

## ૪) ચાર અક્ષરની જોડણી

પહેલો અક્ષર ઇ કે ઉ હોય તો હ્સ્વ લખવો – ઉકળાટ, કિરતાર, કિરપાણ, ખિસકોલી, સિસકારો

સમાસમા મૂળ જોડણી રાખવી – તૂટફૂટ, પૂછપરછ, કૂદાકૂદ, ખીચોખીચ, મીઠાબોલું, મીણબત્તી

## ૫) અનુસ્વાર

**પોચો અનુસ્વાર**: દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ દા.ત. ઈંટ, ઊંચું, ઊંધું, ગૂંચ

**રણકતો અનુસ્વાર**: હ્સ્વ ઇ અને હ્સ્વ ઉ  - દા.ત. કુંભાર, કુંવર, કુંજાર, કુંદન, ગુંડો, ગુંદર, હિંડોળો

**૬) જોડાક્ષર**: ની પહેલા આવેલા ઇ કે ઉ હ્સ્વ લખવા - ઇસ્પિતાલ, ઇસ્ત્રી, કિલ્લો, છુટ્ટી, મુક્કો, લુચ્ચો

૭) **<u>Last but one letter</u>** ઊ કે ઈ દીર્ઘ લખવો દા.ત. ખંતીલુ, જોશીલુ,પતીકું, ઓશીકું, or ends on ઓ દા.ત. અંગૂઠો, પસીનો, નકૂચો, કાકીડો except ભાર વગરના દા.ત. કાનુડો, જાંબુડો, મહિનો, મેહુલો

૮) **<u>'ય', યો, યા ની પહેલાનો અક્ષર</u>** હસ્વ લખવો દા.ત. કાપડિયા, અઠવાડિયું, ગરાસિયો, દિયર, દરિયો

૯) <u>શબ્દને છેડે **ઇક, ઇકા ઇમ, ઇમા, ઇત, ઇલ, ઉણ**</u> આવે તો હસ્વ લખવા

<u>ઇક</u> - અધિક, આધુનિક, આર્થિક, ક્ષણિક,તાત્કાલિક, વાર્ષિક, સાપ્તાહિક, સામાજિક

**<u>ઇકા</u> – કાલિકા, અનુક્રમણિકા, લેખિકા, ગાયિકા, તરલિકા** **<u>ઇમ</u> – અંતિમ, આદિમ, કૃતિમ, પશ્ચિમ**

**<u>ઇમા</u> – ગરિમા, મહિમા, અણિમા, લઘિમા** **<u>ઇત</u> – અજિત, અંકિત, ઉદિત, ખંડિત, વંચિત, ગણિત, પુનિત**

**<u>ઇલ</u> – અખિલ, નિખિલ, કોકિલ, અનિલ, ફેનિલ <u>BUT</u> શીલ હોય ત્યાં દીર્ઘ – સુશીલ, પંચશીલ**

**<u>ઉણ</u> – અરુણ, અરુણ, તરુણ, વરુણ, ગુણ, નિર્ગુણ Also ઉપયોગી – ઉપયોગિતા. પારદર્શીત – પારદર્શિતા**

**૧૦) <u>'ઇન' – દીર્ઘ લખવો</u> – દા.ત. આધીન, સ્વાધીન, પરાધીન, સ્નેહાધીન, પ્રાચીન, અર્વાચીન, નવીન**

**૧૧) <u>'ઇમી'આવે તો પહેલો હસ્વ, બીજો દીર્ઘ</u> લખવો – કામિની, દામિની, રાગિણી, શાલિની, વિદ્યાર્થીની**

**૧૨) શબ્દને અંતે 'ઇય' હોય તો 'ઈ' દીર્ઘ લખવો – આત્મીય, ઉત્તરીય, જાતીય, પ્રાંતીય, પંચવર્ષીય, ભારતીય, સંસદીય, રાષ્ટ્રીય અથવા રાષ્ટ્રિય**

**૧૨) અંતે 'ક્રિય'આવે તો હસ્વ લખવો – સક્રિય, નિષક્રિય**

**૧૩) અંતે 'ઇશ' આવે તો 'ઈ' દીર્ઘ લખવો – જગદીશ, અવનીશ, ગિરીશ**

**૧૪) અંતે 'ઈંદ્ર' આવે તો ઈ દીર્ઘ લખવો – જતીંદ્ર, જ્યોતીંદ્ર**

**૧૫) અંતે 'તિ' આવે તો મોટા ભાગમા હસ્વ લખવો – કાંતિ, શાંતિ, નીતિ, અનુમતિ, સ્મૃતિ, સંમતિ, સુમતિ પણ જયંતી મા ધીર્ઘ આવે.**

**૧૬) 'વતી'અને 'મતી'દીર્ઘ લખવા – કલાવતી, ઇંદુમતી, સરસ્વતી, ચંદ્રાવતી**

**૧૭) અંતે ઇક્ષા' દીર્ઘ લખાય – નિરીક્ષા, નિરીક્ષણ, પરીક્ષા,પ્રતીક્ષા, સમીક્ષા પણ શિક્ષક, શિક્ષા, શિક્ષણ હસ્વ**